એકાંતમાં તમારી ભાવનાઓ શુભ અને શાંત હોય ત્યારે જ તમે તમારૂ મૂલ્ય નક્કી કરી શકો
- સ્વામી ચૈતન્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૮૭ | ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૨, રવિવાર; અધિક ભાદરવા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આયુ - સ્વાસ્થ્ય - સમૃદ્ધિ - સુખ અને શાંતિ માટે અંતરના આશીર્વાદ



ચિ. ઓમ
જ. તા. ૧૬-૯-૨૦૧૧

હેપી બર્થ ડે

પપ્પા : કાર્તિક કુમાર — મમ્મી : કિંજલબહેન
મોટા પપ્પા : રવિ કુમાર — મોટી મમ્મી : ગુંજનબહેન
દાદા : સાંકાભાઈ એસ. પટેલ — દાદી : આનંદીબેન એસ. પટેલ
મોટાભાઈ : રૂદ્ર કુમાર

સ્થળ : પ્લોટ નં. ૫/૧, સેક્ટર-૨૬, ગાંધીનગર

# ન્યુટ્રીશ્યન મિશનની મંગળવારે જાહેરાત કરાશે

## સરપંચ મહાસંમેલન દરમ્યાન મુખ્યમંત્રી કુપોષણ સામે જંગની જાહેરાત કરશે

ગાંધીનગર, તા. ૧૫

આગામી મંગળવારે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ન્યુટ્રીશ્યન મિશનની વિધિવત્ રચનાની ઘોષણા સરપંચ મહાસંમેલન દરમ્યાન કરશે.

રાજ્યમાં કુપોષણથી પિડાતા બાળકોને સ્વસ્થ બનાવવાના અભિયાનની સત્તાવાર ઘોષણા મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવાની હોવાથી આ માટેની તૈયારીઓ તંત્ર દ્વારા પૂરજોશમાં ચાલી રહી છે.

રાજ્યમાં કુપોષણથી પિડાતા બાળકો માટે આમ તો વિવિધ જિલ્લાઓમાં સ્વૈચ્છીક સંગઠ્નો દ્વારા ઝુંબેશ ચાલી રહી છે. આ ઉપરાંત પૂર્વ પટ્ટીના બાળકોને ડેરીઓ તેમજ સરકારના સહયોગથી દૂધ વિતરણ કરવાના અભિયાનનું વિસ્તૃતિકરણ કરવાના હેતુસર સરકારે હવે આ અંગે એક અલાયદુ મિશન રચવાનો નિર્ણય કર્યો છે. આ મિશન રાજ્યના આરોગ્ય તંત્રનો પ્રભાગ બનશે. એટલુ જ નહિ આ પ્રભાગ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ સાથે પણ સંકલિત રહી તેની આખી કામગીરી સંભાળશે.

રાજ્યમાં પ્રથમવાર કુપોષણથી પિડાતા બાળકોના ઉત્થાન માટે સરકાર દ્વારા હવે એક સુઆયોજિત અભિયાન છેડવાની જાહેરાત કરાશે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકારે મા અમૃતમ્ યોજના જાહેર કરી ગરીબ પ્રસુતા સહિત ગરીબોના આરોગ્ય માટે જાહેર કર્યા બાદ હવે

● અનુસંધાન પાન-૭ પર

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

દિવાળી પ્રવાસ-૨X૨
ગોવા-મહાબળેશ્વર-લોનાવાલા
કુલ્લુમનાલી-સિમલા-અમૃતસર
ઉ.ભારત-હરિદ્વાર-ગોકુળ-મથુરા
શીરડી-શનિદેવ-સાપુતારા-નાસિક
અમી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
મો. ૯૧૭૩૫૧૭૭૩૮
મો. ૯૬૨૪૬૩૯૭૫૦

ચાલો કલોલ... બ્રહ્મ ઈતિહાસ ચાલો કલોલ...
ગાંધીનગર જિલ્લાની બ્રહ્મચોર્યાસી
– યજમાન કલોલ તાલુકો –
ભૂદેવ
બ્રહ્મ સેના તથા સમસ્ત બ્રહ્મસમાજ કલોલ આયોજીત બ્રહ્મ ચોર્યાસીમાં સર્વ બ્રાહ્મણ બંધુઓને બ્રહ્મ ભોજન - પ્રસાદ ગ્રહણ કરવા માટે જાહેર નિમંત્રણ
તા. ૨૬-૯-૨૦૧૨ ● સમય : સવારે ૧૦-૦૦ કલાકે
સ્થળ : ગણેશ પાર્ટી પ્લોટ, કલોલ
જીલ્લા સંપર્ક : મો. ૮૫૧૧૧૮૪૧૦૮, ૯૮૦૮૨ ૧૭૬૧૮










